This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે:

Roll No. | | | | | | | | | | | | | Code No. **51/S/O/G**
રોલ નંબર કોડ નં.

Set **A**

# GUJARATI
## (ગુજરાતી)
## (207)

Day and Date of Examination ____________________
(પરીક્ષાનો વાર અને તારીખ)

Signature of Invigilators 1. ____________________
(નિરીક્ષકની સહી)

2. ____________________

સામાન્ય નિર્દેશ :

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રર્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
4. બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.
5. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
6. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **51/S/O/G** લખવી.

# GUJARATI

# (ગુજરાતી)

# (207)

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

સૂચના :

1. બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.
2. બહુવિકલ્પીય પ્રશ્નો માટે **એક-એક** ગુણ નિર્ધારિત છે.
3. બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

---

**1.** કાનુડાએ કયું તોફાન નહોતું કર્યું - **1**

(A) શીકું ફોડ્યું (B) ફર્નીચર તોડવું (C) માખણ ઢોળ્યું (D) માખણ ખાધું

**2.** નાયક કયા દાવપેચ જાણતાં હતાં ? **1**

(A) કુસ્તીના (B) મગજના (C) દંડબેઠકના (D) ચીત કરવાના

**3.** ઘરમાં થતા કોલાહલને મોટા ભાઈએ કોની સાથે સરખાવ્યો છે ? **1**

(A) ટેસ્ટમેચમાં થતાં કોલાહલ સાથે (B) બીજા વિશ્વયુદ્ધના કોલાહલ સાથે

(C) શાળાની રિસેસમાં થતા કોલાહલ સાથે (D) યુરોપના યુદ્ધના કોલાહલ સાથે

**4.** કુંભમેળો દર - **1**

(A) પાંચ વર્ષે ભરાય છે (B) દર વર્ષે ભરાય છે

(C) બાર વર્ષે ભરાય છે (D) દર સાત વર્ષે ભરાય છે

**5.** નિબંધ એટલે - **1**

(A) વિચારીને સારી રીતે જોડે તે (B) લંબાણથી લખાય તે

(C) આત્મકથાજ લખાય છે (D) પાઠ લખે તે

6. પોતાના પિયરઘરમાં જઈને નાયિકા 1

(A) સોફા પર બેઠી (B) ખુરશી પર બેઠી (C) પલંગ પર બેઠી (D) હીંચકા પર બેઠી

7. 'કોણ' પ્રશ્ન પૂછીને કવિ કયા જવાબની અપેક્ષા રાખે છે ? 1

(A) કુદરત (B) ઈશ્વર (C) માતા (D) આકાશ

8. 'વૈદેહી' કોનું નામ છે ? 1

(A) ઊર્મિલાનું (B) સીતાનું (C) દ્રૌપદીનું (D) કુંતીનું

9. 'અખા'ના મતે મૂરખ પાણી દેખી - 1

(A) સ્નાન કરે છે (B) અર્ધ્ય આપે છે (C) તરે છે (D) સંગ્રહ કરે છે

10. વિચાર-વિસ્તાર કરતી વખતે - 1

(A) મૂળ ભાવનો વિસ્તાર થાય (B) લાંબુ લખાણ ટૂંકુ બને

(C) રૂઢિપ્રયોગો ન વપરાય (D) વિચારોનો વિસ્તાર ન થાય

11. હરિયો 'હરિભાઈ' ક્યારે થયો ? 1

(A) પરણ્યો ત્યારે (B) ભણ્યો ત્યારે

(C) પેરિસ ગયો ત્યારે (D) ફ્રેન્ચ સાહેબને મળ્યો ત્યારે

12. પુષ્પની પાંદડી પર બેસીને કોણ હસે છે ? 1

(A) પ્રિયતમા (B) ઈશ્વર (C) નાયિકા (D) કાનુડો

13. પર્યાયી શબ્દની યોગ્ય ન હોય તેવી જોડી શોધો - 1

(A) નીર-જળ (B) નીર-ક્ષીર (C) વ્યોમ-આકાશ (D) નેત્ર-નેણ

**14.** ટાઢ અને તંદ્રા પછી શું આવે છે ? **1**

(A) સ્ફૂર્તિ અને ચેતના (B) તડકો અને ચેતના

(C) ઉન્નતિ અને આબાદી (D) અધોગતિ અને બરબાદી

**15.** નાયિકાના મનને કયા સ્વજનની સ્મૃતિ વધુ ઘેરી વળે - **1**

(A) નાના ભાઈ ભાંડુ (B) ખટમીઠા મિત્રો

(C) કેડેથી વાંકા વળેલા દાદીમા (D) વિવિધ રૂપમાં પતિ

**16.** હિટલર કોણ હતો ? **1**

(A) બ્રિટેનનો મહારાજા (B) યૂરોપનો એલચી

(C) જર્મનીનો સરમુખત્યાર (D) અમેરિકાનો પ્રમુખ

**17.** રજાઈનો હુંફનું સુખ કોને છોડવું પડે છે ? **1**

(A) મોટેરાંઓએ (B) નાયક (C) શિક્ષકોએ (D) વિદ્યાર્થીઓએ

**18.** કન્યા ક્યાં ઊભી હતી ? **1**

(A) બીજને ઝરુખે (B) આભની અટારીએ (C) દરિયાને કાંઠે (D) સાબરના કાંઠે

**19.** ગોપી જશોદા માતાને કહે છે કે - **1**

(A) જશોદા, તારા કાનુડાને સાદ કરીને વાર (B) તારા કાનુડાને લાકડીથી માર

(C) તારા કાનુડાને ઘરમાં પૂરી રાખ (D) તારા કાનુડાને માખણ ખાવા આપ

**20.** 'ઝીણી આંખો મોટી થઈ જવી' રૂઢિપ્રયોગનો અર્થ છે - **1**

(A) ભૂલ થઈ જવી (B) આંખમાં ગુસ્સો આવવો

(C) આશ્ચર્ય થવું (D) આંખ પહોળી થવી

21. (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણના જવાબ લખોઃ **6**

(i) પ્રયાગરાજ પાઠમાં આવતા ધાર્મિક સ્થળનું વર્ણન કરો

(ii) ભાઈ સાહેબે નંદનંદન શેઠના કયા ગુણની વાત કરી ?

(iii) ઉત્તરાયણનો તહેવાર આપણને શો સંદેશ આપે છે ?

(iv) 'મારી મા' પાઠની નાયિકાની માતામાં કયા-કયા ગુણો હતાં ?

(v) અખાડાનાં સંચાલકે લેખક વિશે શું-શું કહ્યું ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **3**

(i) ચિત્ત થવું એટલે શું ?

(ii) ગાંધીજીએ ટોળામાંથી કોને બચાવ્યા ?

(iii) લાડુની યાદ આવતા લેખકને શું થયું ?

(iv) વ્યાયામશાળાનાં નાયકનું શરીર જોઈ સંચાલકે શું કહ્યું ?

(v) પીળકના સ્વર માટે કઈ ઉપમા આપવામાં આવી છે ?

22. (ક) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે ત્રણ સવાલોના જવાબ લખો. **6**

(i) 'જગત નાગરિક' શબ્દ દ્વારા કવિ શું સૂચવે છે ?

(ii) કવિએ કયા-કયા આચરણો દાંભિક જણાવ્યા છે ?

(iii) કવિએ 'જૂનું પિયરઘર' કાવ્યમાં વર્ણિત દામ્પત્યભાવ કેવી રીતે પ્રકટ કર્યો છે ?

(iv) કાનુડાની બાળલીલાઓનું વર્ણન કરો.

(v) 'રસ્તા વસંતના' કાવ્યમાં રજૂ થતી વસંતની વિશેષતાઓ વર્ણવો.

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **3**

(i) કવિ નર્મદ કયા-કયા ગુણો ધરાવતાં હતાં ?

(ii) અનાજના વેપારી પહેલા શું કરે છે ?

(iii) ચંબેલીને કોની વેણીમાંથી સુવાસ પ્રાપ્ત થઈ ?

(iv) તડકાને કોના જેવો અટલ કહ્યો છે ?

(v) 'અવસાન સંદેશ' કાવ્યમાં માનવ શેનાથી મહાન બને છે ?

23. (ક) નીચેના વાક્યો કોણ કોને કહે છે ? (ગમે તે ત્રણ લખો) **3**

(i) ''મારા જીવનમાં જે કાંઈ સુંદર છે, સાર્થક છે, સફળ છે, તે તારે માટે છે મા!''

(ii) ''ઠીક ત્યારે કુસ્તીના કોડ પૂરા કર.''

(iii) ''લાડુ ખાવાનું જળ મૂક્યું છે ?''

(iv) ''ઓ હો હો હો ! શું શાસ્ત્રજ્ઞાન છે ! ''

(v) ''લોકોને જ્યારે ભૂલ સમજાશે ત્યારે શાંત થઈ જશે''

(ખ) ગમે તે બે કાવ્યપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો. **6**

(i) ''ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ના આવશે તડકા વસંતના.''

(ii) ''ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મ્હારા તમારી.''

(iii) ''સાબરનાં નીતરેલ નીર તું ભલે હો,
મારે તો ઝાંઝવાના પાણી !''

24. ગમે તે બે ના મુદ્દાસર ઉત્તર લખો. **6**

(i) દેવશંકરની લાડુ લોલુપતા.

(ii) શિયાળાની સવારનું વર્ણન કરો.

(iii) 'સોયનું નાકું' શિર્ષક સ્પષ્ટ કરો.

25. ગમે તે એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો : **10**

(i) જીવનમાં રમત-ગમતનું સ્થાન

(ii) જો હું વડાપ્રધાન બનું તો

(iii) સમયનો સદુપયોગ

(iv) પર્યાવરણ પ્રદૂષણ, એક ગંભીર સમસ્યા

(v) વર્ષાઋતુ

26. તમે ઉનાળાની રજાઓ કેવી રીતે ગાળી ? તે જણાવતો પત્ર તમારા પિતાશ્રીને લખો. **8**

**અથવા**

તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ વર્તમાનપત્રના તંત્રીને લખી મોકલો.

27. ગમે તે એકનો વિચાર-વિસ્તાર લખો. **6**

(i) ''સાચું સુખ તે જાતે નર્યાં''

(ii) ''હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય,

ખંત જો દિલમાં હોય તો, કદીના ફોગટ જાય.''

28. નીચેનો ગદ્યખંડ વાંચી ધ્યાનપૂર્વક આપેલા સવાલોના જવાબ લખો. **5**

ફકરો :-

માણસના મનની અંદર હંમેશાં બે બારીઓ રહેલી છે. એકમાંથી પોતે કેવો છે તે જોઈ શકે છે અને બીજીમાંથી પોતે કેવો હોવો જોઈએ તેનો તેને ખ્યાલ આવી શકે છે. શરીર, મગજ અને મન એ બધાં નોખાં નોખાં તપાસવાં એ આપણું કામ છે, પણ તેટલેથી અટકી જઈએ તો એનું જ્ઞાન મેળવ્યાં છતાં આપણે કંઈ ફાયદો મેળવી શકીશું નહીં. અન્યાય, દુષ્ટતા, અભિમાન વગેરેથી શું પરિણામ આવે છે, અને જ્યાં એ ત્રણ વસ્તુઓ હોય છે ત્યાં કેવી ખરાબી થાય છે, એ જાણવાની જરૂર છે અને એ જાણ્યેથી પણ બસ નથી ; પણ જાણ્યા પછી એ પ્રમાણે વર્તવાનું છે. નીતિનો વિચાર તો આર્કિટેક્ટ (સ્થપતિ) ના નક્શા જેવો છે, નક્શો ઘર કેમ બાંધવું તે બતાવે છે; પણ જેમ ચણતર ન કર્યું હોય તો નક્શો નકામો થઈ પડે છે, તેમ નીતિના વિચાર પ્રમાણે આચરણ ન કર્યું હોય તો નીતિનો વિચાર નકામો થઈ પડે છે. ઘણા માણસો નીતિના વચનો યાદ કરે છે, તે વિશે ભાષણો કરે છે ; પણ તે પ્રમાણે ચાલતા નથી, અને ચાલવા માગતા પણ નથી, કેટલાંક વળી એમ માને છે કે નીતિના વિચારો આ લોકમાં નહીં પણ મરણ પછી પરલોકમાં અમલમાં લાવવાના છે. આ કંઈ વખાણવા લાયક વિચાર ગણાય જ નહીં, એક વિચારવાન માણસે કહ્યું છે કે જો આપણે સંપૂર્ણ થવું જ હોય તો આજથી જ, ગમે તે દુઃખો સહન કરીને, નીતિ પ્રમાણે ચાલવું જોઈએ.

પ્રશ્નો :

(i) મનની બારીઓ શા શા ઉપયોગમાં આવે છે ?

(ii) જ્ઞાનપ્રાપ્તિ પછી મનુષ્યે શું કરવું જોઈએ ?

(iii) નીતિનો વિચાર અને તેનું આચરણ, આ બેની સરખામણી ગાંધીજી શાની સાથે કરે છે ?

(iv) સંપૂર્ણ થવા માટે મનુષ્યે શું કરવું જોઈએ ?

(v) ગદ્યખંડને યોગ્ય શિર્ષક આપો.

29. એક કોલોનીમાં ૬૦૦ વ્યક્તિઓ રહે છે. તેમાંથી ૩૦૦ વ્યક્તિઓ નોકરી કરે છે. ૧૫૦ વ્યક્તિઓ પોતાનો વ્યવસાય કરે છે. ૭૫ નાના દુકાનદારો છે. અને બાકી રહેલા રોજી પર જતા મજૂરો છે. આ વર્ગીકરણને ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો. **3**

**30.** સૂચના પ્રમાણે કરોઃ

(ક) વિરોધી શબ્દો લખો. (ગમે તે બે) **2**

સુગંધ, પારદર્શી, ઉષા, ન્યાય

(ખ) સમાન અર્થવાળા શબ્દ લખો. (ગમે તે બે) **2**

પ્રતિષ્ઠા, પ્રતિમા, સ્વતંત્ર, વખાણ

(ગ) સંધિ કરો. (ગમે તે બે) **2**

વિદ્યા + આલય, કલ્પ + અંત, સિંહ + આસન, રજની + ઈશ

(ઘ) રૂઢિપ્રયોગોનો અર્થ લખો. (ગમે તે બે) **2**

આંખો પહોળી થવી, સડક થઈ જવું, એક ન બે ન થવું, માથું મારવું

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે) **2**

(1) જેનો નાશ થતો નથી તેવું .....

(2) જેનો પાર નથી તેવું .....

(3) માતા પ્રત્યેનો પ્રેમ .....

(4) અડધા ચંદ્ર જેવો આકાર ....

**31.** નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી વાર્તા લખોઃ **5**

ઉનાળાના દિવસો .... તરસ્યું શિયાળ .... કૂવામાં કૂદી પડવું ... બહાર નિકળવાનું અશક્ય, .... બકરાનું આવી ચઢવું.... શિયાળે શરૂ કરેલાં પાણીનાં વખાણ ... બકરાનું લલચાવું ... કૂવામાં કૂદવું ... બકરાની પીઠ પર ચઢી શિયાળનું કૂવામાંથી બહાર કૂદી પડવું ... બકરાની દશા ... બોધ.

**- o 0 o -**